॥ अथ सनकादि विरचित् गोमत्यष्टक

प्रारंभः ॥

હે મ્હોટી શક્તિ વાળી! શ્રેષ્ઠ! દેવ, ગંધર્વ, સિદ્ધ અને નાગપત્નીના (તારામાં) સ્નાનથી એક સરખા સર્વત્ર પસરેલ જળના પ્રવાહવાળી! હે પવિત્ર! પુણ્યના ઉદયને લીધે પ્રત્યેક જન્મમાં ઘણું કરીને પ્રાર્થનાથી દર્શન થઈ શકે એવા જલસ્પર્શના અપાર હર્ષથી

श्रीगणेशायनमः॥ अथश्रीगोमत्यष्टकप्रारंभः॥

शक्तिज्येष्ठेगरिष्ठेत्रिभुवनमभितोदेवगंधर्वसिद्धैर्व्यालस्त्री
गात्रलेपाविलुलितनिखिलास्तीर्णतोयप्रवाहे ॥ पुण्ये
पुण्यातिरेकादनुजनिबहुशः प्रार्थनादृश्यतोयस्पर्शा
मंदप्रमोदोच्छ्वसितजनमनः क्षालिताघेनमस्ते ॥ १ ॥
पूर्णेब्रह्मस्वरूपेहरिपदनिकटेपश्चिमाशाप्रवाहे ॥

ઉલ્લાસિત થયેલા જનના મનનાં પાપને નાશ કરનારી હે ગોમતી! તને નમસ્કાર કરૂં છું. ૧

પૂર્ણ, બ્રહ્મસ્વરૂપ વાળી, ભગવાનના ચરણ પાસે રહેનારી, પશ્ચિમ દિશામાં વહેનારી, સર્વ મુનિવરોએ પ્રાર્થના કરવા યોગ્ય જલકણ ધારણ કરનારી હે ગોમતી! મનુષ્યોમાં

મેરૂ પર્વત જેટલું જો પાપ હોય તો તેને પણ નાશ કરનારૂં પ્રાયશ્ચિત્ત તારો માત્ર એક જલબિંદુ છે; ને તારા જળની કણિકાને અત્રે સર્વ મુનીશ્વરો મોક્ષદ્વાર કહે છે. ॥ ૨ ॥

દેવેન્દ્ર, (ઈન્દ્ર) માનવેન્દ્ર, (રાજા) મુનિવર, સર્પ, ઘોડો, હાથી, રાક્ષસ, યક્ષ,

पापं मे ऽप्रमाणं नृषु भवति यदा निष्कृतिस्त्वेषु विपुट् ॥ क
स्त्वां स्तोतुं समर्थो निखिलमुनिवरप्रार्थ्यपाथःकणांके ॥
मोक्षैकद्वारमाहुस्तवजलकणिकामत्र सर्वे मुनींद्राः ॥२॥
देवेंद्रं मानवेंद्रं मुनिवरमुरगं वाजिनं दंतिनं वा ॥ रक्षो
यक्षौक्षनक्रं कपिपिकहरिणं सूकरं कासरं वा ॥ हंसं सिंहं
शृगालं कुकुरबलिभुजं रासभं मज्जनाद्वै। गोमत्या देवनद्या

બળદ, મગર, વાનર, કોયલ, હરિણ, કુક્કર, પાડો, હંસ, સિંહ, શૃગાળ, શ્વાન, કાક, અને ગર્દભ એઓને દેવનદીરૂપ તારામાં સ્નાન કરવા માત્રથી તું વિષ્ણુ રૂપ બનાવી નથી ?તી શં ? (અર્થાત બનાવે છે.) ॥ ૩ ॥

वसिष्टनी कन्या श्रेष्ठ कीर्त्तिवाळी, देवश्रेष्टनी नदी, जल पानथीज मोक्ष देनारी, कल्याण परंपराने आपनारी, प्रत्येक जगतमां यश अने कामना पूरनारी कामधेनु, लोकोना पापना पुंजने नाश करनारी अने त्रण दिवसना नियमथी रहेनारना पापनी पंक्तिने भेदी नाख-

नतरललहरिःकिंचरीकार्तीविष्णुं ॥ ३ ॥ वासिष्ठिश्रेष्ठ
कीर्तेसुरवरनदिनिक्षीरपानैकमोक्षे। कल्याणश्रेणिदात्रि
प्रतिजगतियशःकल्पनाकामधेनो ॥ तीरेनीरासन-थे
गतविषयरसैर्वासुदेवंभजेहंलोकाघौघप्रभंगेत्रिदिवस
नियमात्पापपंक्तेर्विभेत्रि ॥ ४ ॥ काभीतिर्वायुनाचेद
तितरलुलितावीचिरंबत्वदीयाजन्तोर्दृङ्मार्गमाप्ताशमन

नारी हे गोमती! विषयरसथी रहित तथा जळवाळा तारा तीर पर हुं वासुदेवने भजुं. ॥४॥

हे अंब! वायुथी तारी लहरी जो अति चंचल थई तो तेथी बीक शी छे? ते लहरी बहु पापी जीवने पण दृष्टिने मार्गे चढी होय तो पापने नाश करनार कार्यवाळी छे.

(તેથી પાપનો નાશ કરેજ.) હે માતા ! તારૂં જળ પીધું હોય તો તું વૈકુંઠમાં વાસ આપેછે, ત્યારે હે દેવી ગંગારૂપ તારે તીરે મરણ થાય તેનું ફળ (કેટલું છે) તે કોણ જાણી શકે! ॥૫॥

હે વાણી રૂપ ! રમણીય સુંદરતા વાળી ! ઉત્તમ નદ, નદી અને કૂપ એઓમાં શાન્ત

करकृताभूरिपापीयसोपि ॥ मातस्त्वंदेविपीतामघुरि पुवसतौवासमेवंविधत्से । गंगारूपेत्वदंकेयदिशवतिमृ तिस्तत्फलंदेविकोनु ॥ ५ ॥ वाणीरूपेसुरूपेप्रवरनदन दीकूपशं तेष्टमूर्त्तेतीर्थश्रेणीवरिष्ठेहरिपदकमलो[illegible]दे श्या[illegible] ॥ सापत्न्येसत्यनंतेत्व[illegible]तिजलनिधेःप्रेयसि ब्रह्म नीरेत्तीरेतेदेवनद्याविधिहर[illegible]रयोऽपीडतेनंतामिष्टं ॥

તથા મનગમતી મૂર્ત્તિને ધારણ કરનારી ! હે તીર્થની પંક્તિમાં શ્રેષ્ઠ ! હે હરિચરણ કમલની ઉપાસના વાળી ! હે શ્યામ રંગવાળી ! બહુ શોક્યો (નદીરૂપ) છતાં પણ સમુદ્રની અત્યંત વ્હાલી હે ઓમતી! બ્રહ્મરૂપ જળવાળા તારા દેવનદીના તીર વિષે બ્રહ્મા, મહાદેવ અને ઇન્દ્ર

એઓ પ્રિય અનંતની સ્તુતિ કરે છે. ॥ ૬ ॥

હે વસિષ્ઠની કન્યા-દેવી ગંગા! વાયુથી ઉછળેલ, તારો ઝીણામાં ઝીણો એક અણુમાત્ર બિન્દુ, મહાઘોર પાપ કરનાર મનુષ્યોનો સ્પર્શ કરે તો તેઓને સ્વર્ગમાં દેવકન્યાઓ

॥ ६ ॥ वातधूतांबुविप्रुण्मुनिवरदुहितोदेविगंगेत्वदीयः। सूक्ष्मात्सूक्ष्मोणुमात्रःस्पृशतियदिजनानंहसोघोररूपान् ॥ स्वर्लोकेदेवकन्याकरधृतचमरींचामरावींजयंतिधन्यास्तान्मानवेंद्रानमरपतिरसौपूजयेद्देवतावत् ॥

॥ ७ ॥ स्वर्लोकादाद्रवंतीनिजजललहरिस्तातजीवोद्धरंती। क्रीडंतीसागरेणत्वयानिशमनुदिनंभुक्तिमुक्तिप्रदा

હાથમાં ચામર લઈ ઢોળે છે (તેઓને ચામર લઈ વાયુ નાખે છે.) ને તે મનુષ્યોને ધન્ય છે કે જેને ઈન્દ્ર પણ દેવતાની પેઠે પૂજે છે. ॥ ૭ ॥

સ્વર્ગ લોકમાંથી આવતી, પિતાના જીવનો ઉધ્ધાર કરનારી, પ્રતિદિન સાગર સાથે

નિત્ય ક્રીડા કરનારી, ભોગ-મુક્તિ દેનારી, ભારે દુઃખના ભય નાશ કરવામાં કુશલ તથા તીર્થોએ વખણાયેલ કીર્ત્તિ વાળી એવી તારા જળની લહરી, દ્વારકાનગરીમાં પાસે રહેવામાં પ્રીતિવાળા અને પાતકી એવા જે અમે તેનું રક્ષણ કરો. ॥ ૮ ॥

त्री ॥ तारोद्भूतप्रभीतिप्रदलनकुशलातीर्थकीर्तन्यकी
र्तिर्द्वारावत्यांनगर्यांनिकटकृतरतीन्पातुपापीयसोनः ॥
॥ ८ ॥ गोमत्यादेवनद्याःप्रथमसवनकेमानवोविष्णु
भक्तः।श्रद्धायुक्तोऽष्टकंयःपठतितरतमांतस्यदेवीविधत्ते ॥
वाचांसिद्धिंसुलक्ष्मींसकलजनमनोहारिणींचित्तवृत्ति।
सौभाग्यारोग्यवृ[illegible]ींगितसमभिमतांशेमुषींज्ञानमिष्टं।९।

વિષ્ણુભક્ત મનુષ્ય, દેવનદિ ગોમતિના આ અષ્ટકનો પાઠ સવારના પહોરમાં કરે તેને અવશ્ય ગોમતિ, વાણીની સિદ્ધિ, સારી લક્ષ્મી, સૌના મનને હરણ કરનારી (આનંદ દેનારી) ચિત્તવૃત્તિ, સૌભાગ્ય, આરોગ્યવૃદ્ધિ, પરાયો અભિપ્રાય જાણી શકાય એવી બુદ્ધિ અને ઉત્તમ જ્ઞાન આપે છે. ૯

॥ इतिश्रीसनकादिकविरचितंब्रह्मनदीगोमतीस्तोत्रंसंपूर्णम् ॥

॥ इति गोमत्यष्टकं समाप्तः ॥

मुंबई ओरिएन्टल छापखानामां

द्वारका पुस्तक प्रसारक मंडलीए छपाव्युं

संवत १९४२.